# સુરત જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકોમાં વ્યાવસાયિક મનોભારનો તુલનાત્મક અભ્યાસ

અમૃતકુમાર જે. પટેલ

## ૧. પ્રસ્તાવના

મનોવિજ્ઞાનનાં અભ્યાસનું કેન્દ્ર માનવીય વર્તનતરીહ છે. માનવી જન્મથી માંડીને મૃત્યુ સુધી અનેક પ્રકારના વર્તનો અને વ્યવહારો કરે છે. માનવી પોતાના જીવનમાં સુખ અને આનંદની સાથે મુશ્કેલીઓ અને યાતનાઓનો અનુભવ કરતો હોય છે. માનવીની અનેક જરૂરિયાતો હોય છે. જો આ બધી જ જરૂરિયાતોનો સંતોષ થઈ જાય તો માનવજીવન ઘણું જ સરળ થઈ જાય પરંતુ માનવીની વિશાળત્તમ જરૂરિયાતોના સંતોષવામાં મુશ્કેલીઓ આવતી હોય. જીવનમાં આવતા ઝંઝાવતોને લીધે માનવી તેના લક્ષ્યો હાસલ કરી શકતો નથી. માનવી પોતાની જરૂરિયાતોને ન સંતોષવાના કારણે મનોભારનો ભોગ બને છે. અને મનોભારને કારણે અનેક સમસ્યાઓનો ઉદ્દભવ થાય છે. આજના આધુનિક સમયમાં શિક્ષકોનું કામ ઘણું અઘરું તથા પડકાર રૂપ બની ગયું છે. તેમજ પોતાની નોકરીના કામ ઉપરાંત અન્ય કામ પણ કરવા પડતા હોય છે. તથા તેની અસર તેમના ઘરેલું તથા અંગત જીવન પર પણ પડતી હોય છે. તેઓ પોતાના કામના કારણે અમુકવાર પોતાના માટે પણ સમય કાઢી શકતા હોતા નથી તથા તેમની અસર તેમના માનસિક તથા સામાજિક જીવનમાં પણ પડતી હોય છે. પરિણામે તેઓ વધારે પડતો મનોભાર અનુભવે છે. તેઓ પોતાની જાતને માનસિક રીતે જાળવી શકતા નથી અને વધારે પડતા વ્યાવસાયીક મનોભારની અસર તેમના અંગત જીવનમાં પણ પડતી હોય છે. અને તેના કારણે તેમને વિવિધ પ્રકારની માનસિક તકલીફો પણ થતી હોય છે. તેથી તેમના વ્યાવસાયીક મનોભારનુંમાપન કરવું એ અહીં ખુબજ અગત્યની બાબત બની રહે છે.

## ૨.સંશોધન સમસ્યા

“સુરત જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકોમાં વ્યાવસાયિકમનોભારનો તુલનાત્મક અભ્યાસ”

## ૩. સંશોધનના હેતુઓ

- સુરત જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકોમાં વ્યાવસાયિક મનોભાર તેમના વ્યવસાયના વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.
- સુરત જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકોમાં વ્યાવસાયિક મનોભાર તેમના શાળાના પ્રકારના સંદર્ભમાં અભ્યાસ કરવો.
- સુરત જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાનાશિક્ષકોમાં વ્યાવસાયિક મનોભાર તેમની જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.

## ૪.સંશોધનની શૂન્ય ઉત્કલ્પના

- સુરત જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાનાશિક્ષકોમાં વ્યાવસાયિક મનોભારનો તેમના વ્યવસાયના વિસ્તારના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત નહી હોય.
- સુરત જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાનાશિક્ષકોમાં વ્યાવસાયિકમનોભારનો તેમના શાળાના પ્રકારના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત નહી હોય.
- સુરત જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકોમાં વ્યાવસાયિક મનોભારનો તેમની જાતિના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત નહી હોય.

**૫. સંશોધનમાં પરિવર્ત્યો**

| ક્રમ | પરિવર્ત્યો | સંશોધનમાં સમાવિષ્ટ પરિવર્ત્યો | |
|---|---|---|---|
| ૧. | સ્વતંત્ર પરિવર્ત્યો | ૧. વિસ્તાર | ૧. ગ્રામ્ય વિસ્તાર |
| | | | ૨. શહેરી વિસ્તાર |
| | | ૨. શાળાના પ્રકાર | ૧. સરકારી |
| | | | ૨. બિનસરકારી |
| | | ૩. જાતિ | ૧. સ્ત્રીઓ |
| | | | ૨. પુરૂષો |
| ૨. | આધારિત પરિવર્ત્યો | વ્યાવસાયિક મનોભાર સંશોધનિકા ઉપર પ્રાપ્ત થયેલ પ્રાપ્તાંકો | |
| ૩. | નિયંત્રિત પરિવર્ત્યો | સુરત જિલ્લાની શેહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાઓ અને શિક્ષકો | |

**૬.સંશોધનનું મહત્વ**

પ્રસ્તુત સંશોધન દ્વારા સુરત જિલ્લાની શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકોમાં વ્યાવસાયિક મનોભારનો તેમના વ્યવસાય વિસ્તાર, શાળાના પ્રકારના અને તેમની જાતિના સંદર્ભે અનુભવાતો વ્યાવસાયિક મનોભારની સ્થિતિ અને કક્ષા જાણી શકાશે

**૭. નમુના પસંદગીની રીત**

પ્રસ્તુત સંશોધનમાં સુરત જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારની સરકારી અને બિન સરકારી (ખાનગી) શાળાઓમાં નોકરી કરતા શિક્ષકોની નમૂના તરીકે પસંદગી કરવામાં આવી હતી. જેમા ૧૮૦ સ્ત્રી શિક્ષકો તેમજ ૧૮૦ પુરૂષ શિક્ષકોની સાદા યદચ્છ નિદર્શ પધ્ધતિ દ્વારા નમૂના તરીકે પસંદગી કરવામાં આવી હતી.

**૮. સંશોધન પધ્ધતિ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું હેતું

**૯. સંશોધન ઉપકરણો**

પ્રસ્તુત સંશોધન દ્વારા સુરત જિલ્લાની શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકોમાં વ્યાવસાયિક મનોભારનો અભ્યાસ કરવા માટે શ્રી વાસ્તવ અને સિંધ દ્વારા રચિત “વ્યાવસાયિક મનોભાર સંશોધનિકા” જેનું ગુજરાતીમાં રૂપાંતર ડૉ. ડઢાણિયા દ્વારા કરવામાં આવેલું હતું તે તૈયાર પ્રવનાવલિ આપવામાં આવી હતી.

**૧૦. સીમાંકન**

પ્રસ્તુત સંશોધનમાં સુરત જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલી સરકારી અને બિન સરકારી (ખાનગી) શાળાઓ અને તેમાં ફરજ બજાવતા ૧૮૦ સ્ત્રી શિક્ષકો તેમજ ૧૮૦ પુરૂષ શિક્ષકો એમ કુલ ૩૬૦ શિક્ષકો પૂરતું જ મર્યાદિત હતું.

**૧૧. માહિતી એકત્રીકરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે સુરત જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારની સરકારી અને બિન સરકારી (ખાનગી) શાળાઓના શિક્ષકો વિશે માહિતી મેળવી. ત્યારબાદ શાળાના સંસ્થાના આચાર્યની સાથે રૂબરૂ મુલાકાત લઈ તેમને અભ્યાસનું મહત્વ અને હેતુઓ જણાવી તેમનો સહકાર મેળવ્યો. ત્યારબાદ શિક્ષકોની રૂબરૂ મુલાકાત દ્વારા સંશોધન અને વ્યવસાયિક મનોભાર સંસોધનિકાની સમજૂતી આપી માહિતી એકત્ર કરવામાં હાવી.

**૧૨. પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધનિકા દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ માટે મધ્યક અને f-test નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૧. પ્રથમ ઉત્પકલ્પના "સુરત જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકોમાં વ્યવસાય મનોભારનો તેમના વ્યવસાયના વિસ્તારના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત નહી હોય." ના અનુસંધાનમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ નીચે મુજબ હતું.

**કોષ્ટક–૧**

**શિક્ષકોના વ્યવસાયના વિસ્તારના સંદર્ભમાં વ્યાવસાયિક મનોભારના પ્રાપ્તાંકો અને f-મૂલ્ય દર્શાવતુ કોષ્ટક**

| Sr. No. | Particular | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|---|
| 1. | શહેરી | 180 | 72.97 | 61.49 | 0.01 |
| 2. | ગ્રામ્ય | 180 | 78.71 | | |

ઉપરોકત કોષ્ટકનો અભ્યાસ કરતા જણાય છે કે વ્યવસાયના વિસ્તારના સંદર્ભમાં વ્યાવસાયિક મનોભારનો મધ્યક શહેરી વિસ્તારના શિક્ષકોનો મધ્યક 72.97છે. અને ગ્રામ્ય વિસ્તારના શિક્ષકોનો મધ્યક 78.71 જોવા મળે છે. અને ) મૂલ્ય 61.49 જોવા મળે છે.જે સાર્થકતાની કક્ષા 0.01 પર સાર્થક જોવા મળે છે. તેથી ઉપરોકત ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. આથી કહી શકાય કે સુરત જિલ્લાના શેહરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકોકોમાં વ્યાવસાયિક મનોભારનો તેમના વ્યવસાયના વિસ્તારના સદર્ભમાં સાર્થક જોવા મળે છે.

૨. દ્રિતીય ઉત્કલ્પના "સુરત જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકોમાં વ્યવસાય મનોભારનો તેમના શાળાના પ્રકારના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત નહી હોય." ના અનુસંધાનમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ નીચે મુંજબ છે.

**કોષ્ટક–૨**

**શિક્ષકોના શાળાના પ્રકારના સંદર્ભમાં વ્યાવસાયિક મનોભારના પ્રાપ્તાંકો અને f-મૂલ્ય દર્શાવતુ કોષ્ટક**

| Sr. No. | Particular | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|---|
| 1. | સરકારી | 180 | 62.94 | 1242.43 | 0.01 |
| 2. | બિન સરકારી (ખાનગી) | 180 | 88.73 | | |

ઉપરોકત કોષ્ટકનો અભ્યાસ કરતા જણાય છે કે વ્યવસાયના વિસ્તારના સંદર્ભમાં વ્યાવસાયિક મનોભારનો મધ્યક સરકારી શાળાના શિક્ષકોનો મધ્યક 62.94 છે. અને બિન સરકારી (ખાનગી) શાળાના શિક્ષકોનો મધ્યક 88.73 જોવા મળે છે. અને f મૂલ્ય 1242.43 જોવા મળે છે. જે સાર્થકતાની કક્ષા 0.01 ઉપર સાર્થક જોવા મળે છે.તેથી ઉપરોકત શૂન્ય ઉત્પકલ્પનાનો અસ્વીકાર થાય છે. આથી કહી શકાય કે સુરત જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકોમાં વ્યાવસાયિક મનોભારનો તેમના શાળાના પ્રકારના સંદર્ભમાં સાર્થક તફાવત જોવા મળે છે.

૩. તૃતીય ઉત્કલ્પના "સુરત જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાનાશિક્ષકોમાં વ્યવસાય મનોભારનો તેમની જાતિના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત નહી હોય."ના અનુસંધાનમાં પ્રાપ્ત માહિતીનું પૃથકકરણ નીચે મુંજબ હતું

**કોષ્ટક–૩**

**શિક્ષકોના જાતિના સંદર્ભમાં વ્યાવસાયિક મનોભારના પ્રાપ્તાંકો અને f-મૂલ્ય દર્શાવતુ કોષ્ટક**

| Sr. No. | Particular | N | Mean | F | Sig. |
|---|---|---|---|---|---|
| 1. | સ્ત્રીઓ | 180 | 80.19 | 141.42 | 0.01 |
| 2. | પુરૂષો | 180 | 71.49 | | |

ઉપરોકત કોષ્ટકનો અભ્યાસ કરતા જણાય છે કે શિક્ષકોની જાતિના સંદર્ભમાં વ્યાવસાયિક મનોભારનો મધ્યક સ્ત્રી શિક્ષકોનો મધ્યક 80.19છે. અને પુરૂષ શિક્ષકોનો મધ્યક 71.49જોવા મળ્યો હતો. અને f મૂલ્ય 141.42 જોવા મળે છે. જે સાર્થકતાની કક્ષા 0.01 ઉપર સાર્થક જોવા મળે છે.તેથી ઉપરોકત શૂન્ય ઉત્પકલ્પનાનો અસ્વીકાર થાય છે. આથી કહી શકાય કે સુરત જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકોમાં વ્યાવસાયિક મનોભારનો તેમના જાતિના સંદર્ભમાં સાર્થક તફાવત જોવા મળે છે.

## ૧૩. નિષ્કર્ષ

૧. સુરત જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકોમાં વ્યાવસાયિક મનોભારનો તેમના વ્યવસાયના વિસ્તારના સંદર્ભમાં સાર્થક તફાવત જોવા મળે છે.

૨. સુરત જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકોમાં વ્યાવસાયિક મનોભારનો તેમના શાળાના પ્રકારના સંદર્ભમાં સાર્થક તફાવત જોવા મળે છે.

૩. સુરત જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકોમાં વ્યાવસાયિક મનોભારનો તેમની જાતિના સંદર્ભમાં સાર્થક તફાવત જોવા મળે છે.

## સંદર્ભો

૧. શાહ, દીપીકા ભદ્રેશ (૨૦૦૦) શૈક્ષણિક સંશોધન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

૨. ત્રિવેદી, મનુભાઈ દ, અને પારેખ (૧૯૮૧) "શિક્ષણમાં આંકડાશાસ્ત્ર" યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય,

૩. અમદાવાદ

૪. દેસાઈ, એચ.જી.(૧૯૯૬) "સંશોધની પધ્ધતિઓ અને પ્રવિધિઓ" યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

૫. યાજ્ઞિક, એલ બી. ડી. ઢીલા, કે. બી. ચોથાણી "સંશોધન પધ્ધતિ (વાર્તનિક વિજ્ઞાનોમાં) અક્ષર પબ્લીકેશનલ, અમદાવાદ